સુવિચાર : 'ભૂલ' એ 'પ્રેમ' જેવી હોય છે.. કોઇ કરવા નથી માંગતુ.. પણ થઇ જાય છે - અખંડ આનંદ

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૩૧ | ૨૦ જુલાઇ, ૨૦૧૫, સોમવાર ; અષાટ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ઉજ્જૈનમાં વિક્રમી વરસાદથી જળબંબાકાર Page-6

વરસાદી છાંટા પડ્યા, ઝાપટુ નહિ

જળ ભરેલા વાદળો વરસતા નથી : વાદળિયા વાતાવરણ વચ્ચે છાંટણા નાંખી

વરસાદ અદ્રશ્ય : નગરજનો બફારાથી બેબાકળા : ખેડુતોમાં પણ ચિંતાના વાદળો

ગાંધીનગર તા ૧૯

શહેરમાં અસહ્ય બફારા વચ્ચે વરસાદ હાથતાળી આપી જતા નગરજનો બેબાકળા બની ગયા છે.ગત રાત્રિના તેમજ આજે બપોરે નગરમાં કેટલાક ઠેકાણે છાંટણા વરસાવી મેઘરાજા અદ્રશ્ય થઇ જતા નાગરિકો કાગડોળે વરસાદની રાહ જોઇ રહયા છે. ખેડુતો પણ વરસાદના વિલંબથી ચિંતિત બન્યા છે. રોજબરોજ આકાશમાં મંડરાતા વરસાદી વાદળો વરસ્યા વિના ગાયબ થઇ જાય છે. આજે પણ નગરમાં કેટલાક ઠેકાણે વરસાદી છાંટણા થયા હતા જો કે મેઘરાજા મનમુકીને ન વરસતા વાતાવરણમાં ઉકળાટથી નગરજનો તોબા પોકારી ગયા હતા.

ગત જૂન મહિનામાં પ્રિ માન્સુન વરસાદ બાદ ટુંકમાંજ મુશળધાર વરસાદ થશે તેવી આશા સેવાઇ રહી હતી. પરંતુ ભારે વરસાદ બાદ ચોમાસાનો હજુ વિધિવત પ્રારંભ થયો નથી. છેલ્લા ઘણાં સમયથી વરસાદી વાદળો આકાશમાં અડીંગો જમાવી અદ્રશ્ય થઇ જાય છે. પરંતુ વરસવાનું નામ લેતા નથી. રોજબરોજ વાદળિયા વાતાવરણથી નાગરિકોમાં વરસાદની આશ જન્મે છે. પરંતુ આકાશમાં અંગડાઇ લેતા વાદળો વરસ્યા વિના વિખેરાઇ જતા ખેડુતો પણ વાવણી બાદ ચિંતામાં ગરકાવ થયા છે. વાવણીના સમયગાળા બાદ લાંબા સમયથી મેઘરાજાની એન્ટ્રીન થતા ખેડૂતોની નજર આકાશ તરફ મંડરાયેલી છે. નગરમાં ગઇકાલે રાત્રે વાતાવરણ પલ્ટા બાદ કેટલાક વિસ્તારોમાં વરસાદનુ હળવુ ઝાપટુ પડયુ હતું. પરંતુ મેઘરાજા મુશળધાર વરસ્યા ન હતા. જયારે આજે બપોરે પણ નગરના ઇન્ફોસીટી સહિતના કેટલાક નવા સેકટરોમાં વરસાદી છાંટણા થયા હતા.પરંતુ વરસાદ હાથતાળી આપી ગયો હતો. વરસાદની ગેરહાજરી વચ્ચે વાતાવરણમાં બફારાનુ પ્રમાણ વધતા નગરજનો ગરમીથી બેબાકળા બની ગયા છે.જયારે ખેડુતોમાં પણ ચિંતાના વાદળો ઘેરાયા છે.સૌ કોઇ વરસાદની વાટે છે.

ગિફ્ટ સીટી માટે વધુ ૧ લાખ ચો.મી. જમીન ફળવાશે

તંત્ર દ્વારા તે અંગેની કવાયત તેજ : ગિફ્ટ સીટી પ્રોજેક્ટ આગામી વર્ષથી વધુ વેગીલો વિકાસ પામશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેર નજીક આકાર પામી રહેલ ગિફ્ટ સીટીને વધુ ૧ લાખ ચો.મી. જમીનની માંગણી કરતાં તંત્ર દ્વારા તે અંગેની કવાયત હાથ ધરવામાં આવી છે.

ગિફ્ટ સીટીએ ફિરોઝપુર, રતનપુર અને શાહપુર સહિતના આસપાસના ગામોમાંથી એક લાખ ચો.મી. જમીન ફાળવી આપવા માટે રજુઆત કરી છે. આ રજુઆતને પગલે હવે જમીન ફાળવણી અને તે અંગેના ભાવ પણ નિયત કરવાની કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવશે.

નદીના કોતરો અને ખરાબાની આસપાસની જમીનો પર સત્તાવાળાઓ દ્વારા નજર દોડાવવામાં આવી રહી છે. મળતી વિગતો મુજબ ગિફ્ટસીટી પ્રોજેક્ટ આગામી દિવસોમાં વધુ વેગીલી રીતે અમલીકરણ માટે આગળ ધપશે.

ગિફ્ટ સીટી માટે સરકારે અગાઉ જમીન ફાળવી દીધી હતી. ગિફ્ટસીટી ડેવલપમેન્ટ ઝડપી બને તે માટે અલગ સત્તામંડળ પણ સરકારે તેનુ બનાવ્યુ છે અને અહિ એકાદ વર્ષમાં તેના બન્ને ટાવરો પ્રવૃત્તિથી ધમધમતા થઈ જશે તેમ મનાઈ રહ્યું છે.

ગિફ્ટ સીટીને કેન્દ્ર સરકારે સ્માર્ટ સીટીનો દરજ્જો પણ આપી દીધો છે એટલે હવે તેના વિકાસને વેગીલો બનાવવાનો માર્ગ મોકળો થઈ ગયો હોવાનું જાણકારોનું કહેવુ છે.

ફિલ્મ 'રઈશ'ની પટકથા અને સંવાદો ગાંધીનગરના યુવાનોએ લખ્યા છે

હરિત મહેતા સે. ૧૭ અને હાલ સે. ૨૭માં તો આશિષ વશી સે. ૨૩માં રહે છે : પત્રકારિત્વમાં પણ તેમની આગવી ઓળખ બનેલી છે

ગાંધીનગર, તા. ૧૯

કિંગ ખાનની આગામી ફિલ્મ 'રઈશ'ના સંવાદ-પટકથા અને વાર્તા ગાંધીનગરના બે નવલોહિયા યુવાનોએ લખ્યા છે.



સે. ૨૩ અને સે. ૨૭માં રહેતા આશિષ વશી અને હરિત મહેતાએ આ આખીય વાર્તા પટકથા અને સંવાદો લખ્યા છે.

હરિત મહેતા અગાઉ સે. ૧૭માં રહેતા હતા. પિતા અધ્યાપક હોવાથી સારૂ શિક્ષણ અને સંસ્કારો પામ્યા અને પત્રકારિત્વ ક્ષેત્રમાં પ્રવેશ્યા. આશિષ પણ સે. ૨૩માં જ મોટો થયો અને ગાંધીનગરની શાળાઓમાં ભણી પત્રકારિત્વ ક્ષેત્રે પ્રવેશ કર્યો હતો.

રઈશ ફિલ્મની વાર્તા આમ તો દારૂબંધી પર લખાયેલી છે. બે વર્ષથી પણ વધુ સમય આ વાર્તા લખવામાં આ બન્ને યુવાનોએ સમય વિતાવ્યો છે. ખુબજ મહેનત અને દાદ માગી લે તેવી આ વાર્તા એક મુલાકાતમાં તેમણે ફરહાન અખ્તર સાથે કરી હતી.

આ વાર્તા ફરહાન અખ્તરને ગમી અને તેમણે આ પરથી ફિલ્મ નિર્માણ કરવાનું નક્કી કર્યુ. પછી તો સ્ટારકાસ્ટીંગને બધુ થયુ અને તેના સંવાદો પણ આ બન્ને યુવાનોએ તૈયાર કર્યા.

ફિલ્મનું શુટીંગ શરૂ થયુ. તાજેતરમાં આ ફિલ્મનું પોસ્ટર રિલિઝ થયું છે. તેમાં પણ આ બે યુવાનો નામ દર્શાવાયા છે. આ બન્ને યુવાનોમાં હરિત અંગ્રેજી અખબાર ટાઈમ્સ ગ્રૂપ સાથે સંકળાયેલો છે. તો વશી 'સંદેશ' ગ્રૂપ સાથે જોડાયેલ છે. આ ફિલ્મનું ટ્રેલર પણ રિલીઝ કરવામાં આવ્યું છે જે ઉલ્લેખનીય છે.

હરિત અને આશિષ બન્નેને ગાંધીનગરના રિપોર્ટીંગમાં મઝા આવે છે. ગાંધીનગર આવે એટલે દરેક સેક્ટરની નવાજૂની દરેક જુના નવા મહાનુભાવો સાથેની મીઠી યાદોને વાળોગવાનું ક્યારેય ચુકતા નથી. આશીષ તો આજે પણ ગાંધીનગરથી જ અપડાઉન કરે છે.

હરિતના પિતા ગાંધીનગર કોમર્સ કોલેજમાં બીઝનેશ એડમિનીસ્ટ્રેશન અને બીઝનેશ કોરસ્પોન્ડન્સના વિષયો શીખવતા હતા. પ્રો. બી.એન. મહેતાનો આ દિકરો સે. ૧૭ના જુના 'ઘ' ટાઈપની યાદો આજે પણ વિસરી શકતો નથી.

'રઈશ' ફિલ્મ માટે આ બન્ને યુવાનોને અભિનંદન અને શુભકામનાઓ. આ ફિલ્મનું થોડુંક શુટીંગ બાકી છે અને આગામી દિવસોમાં ગાંધીનગર અને તેની આસપાસના વિસ્તારોમાં તેનું શુટીંગ થવાનુ છે. ફિલ્મ આગામી વર્ષે રિલીઝ થવાની છે.

મહાનગરપાલિકાએ મિલ્કત વેરાની આકારણી માટે નવું ફોર્મ તૈયાર કર્યું

ચાર કલરમાં આ ફોર્મ તૈયાર કરવામાં આવશે : એક ફોર્મ મિલ્કત ધારક પાસે અને એક ફોર્મ મનપા પાસે રહેશે : મિલ્કત વેરાની આકારણીમાં અન્ય વિભાગની વિગતો પણ સાંકળી લેવામાં આવી : આજે મનપાની સ્થાયી સમિતિની બેઠક

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલ્કત સર્વેના ફોર્મ-૪ અલગ અલગ કલરમાં છપાવવામાં આવશે તેમજ શહેરની તમામ મિલ્કતો ચાર વિભાગોમાં વહેંચવામાં આવશે.

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મળનારી બેઠકમાં અંગેનો મહત્વનો નિર્ણય લેવામાં આવનાર છે. મિલ્કતવેરાના ફોર્મમાં આ વખતે પ્રથમ વખતની આકારણી કરતાં ઘણા સુધારા વધારા કરવામાંઆવ્યા છે.

રિસર્વેની કામગીરી માટે કોર્પોરેશન દ્વારા એજન્સી નિયત કરવાની કામગીરી ચાલી રહી છે. આ માટેનું ટેન્ડરીંગ પણ થઈ ગયું છે પરંતુ તે પહેલાંની જરૂરી કવાયત તંત્ર દ્વારા આરંભી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે શહેરની મિલ્કતો જે ચાર ભાગમાં વહેંચવાની છે તેમાં વાણિજય વિસ્તાર, રહેણાંક વિસ્તાર, ઔદ્યોગિક વિસ્તાર અને સરકારી મિલકતો. આ દરેક મિલ્કતો માટે અલાયદા ફોર્મ તૈયાર કરવામાં આવ્યા છે.

મળતી વિગતો મુજબ કોર્પોરેશનને આ સર્વે ફોર્મ્સમાં પ્રોપર્ટી ટેક્ષ વિભાગ સહિત મનપાના અન્ય વિભાગોને પણ સાંકળી લીધા છે. તેમજ આ ફોર્મ સાથે મિલ્કત ધારકનું એકરારનામુ પણ રાખવામાં આવેલ છે. આ મિલ્કત વેરાનું ફોર્મ એક મનપા પાસે રહેશે અને બીજુ ફોર્મ જે તે મિલ્કત ધારક પાસે રહેશે.

મનપાની આજે મળનારી સ્થાયી સમિતિમાં વહીવટીય કાર્યભારણ વધુ છે. આ બેઠકમાં ડ્રેસ આપવાની બાબત, ફોર્મ છપાવવાની બાબત, વિવિધ મનપાની કચેરીમાં સિકયોરીટી ગાર્ડઝની ફાળવણી બાબત, મુકિતધામના સંચાલનની મુદત વધારવા તેમજ વહીવટીય ચાર્જમાં વધારો કરવા બાબત સહિતના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

શહેરમાં કોર્પોરેશન દ્વારા એક ફરતું પુસ્તકાલય પણ આગામી દિવસોમાં કાર્યરત કરવામાં આવનાર છે અને આ માટેનું વાહન ખરીદવા બાબતે પણ કમિશનરશ્રીએ દરખાસ્ત સ્થાયી સમિતિમાં રજુ કરેલ છે તે મંજુરી માટે રજુ થનાર છે.

ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ થવા માટેની આગાહી

અમદાવાદ,તા.૧૯

અમદાવાદ સહિત રાજ્યમાં આજે વાદળછાયુ વાતાવરણ રહ્યુ હતુ.જેના કારણે ગરમીથી લોકોને આંશિક રાહત મળી હતી. બીજી બાજુ તાપમાનમાં સતત ઉતારચઢાવની સ્થિતી જોવા મળી રહી છે. જેના કારણે માસુમ બાળક અને મોટી વયના લોકો બિમારીના સકંજામાં આવી રહ્યા છે. આજે અમદાવાદમાં ૩૩ ડિગ્રી તાપમાન રહ્યું હતુ. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૮.૮ ડિગ્રી રહ્યુ હતુ. રાજ્યના પાટનગર ગાંધીનગરમાં તાપમાન ૩૨.૫ ડિગ્રી રહ્યુ હતુ. હવામાન વિભાગ તરફથી આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે આગામી ત્રણ દિવસ દરમિયાન ભારે વરસાદ પડી શકે ચે. ઉત્તર મધ્યપ્રદેશ અને નજીકના દક્ષિણ ઉત્તરપ્રદેશના વિસ્તારોમાં હળવા દબાણના કારણે ભારે વરસાદ થઈ શકે છે. અમદાવાદમાં પણ વરસાદી ઝાપટા પડી શકે છે. રાજ્યમાં જુન મહિનામાં સારો વરસાદ થયા બાદ હવે જુલાઈ મહિનામાં વરસાદ ખેંચાઈ જવાના કારણે તંત્ર ચિતાતુર બનેલુ છે. અગાઉના મહિનામાં ભારે વરસાદ પડ્યા બાદ સૌરાષ્ટ્રમાં હાલત કફોડી બની ગઈ હતી. અમરેલીમાં અતિવૃષ્ટિના કારણે ભારે નુકસાન થયુ હતુ. મોટી સંખ્યામાં લોકોના મોત પણ થયા હતા. જેના કારણે ભારે નુકસાનમાંથી બહાર નિકળવા માટે ગુજરાત સરકારે ૩૦૦ કરોડના પકેજની જાહેરાત કરી હતી.

આગામી બીજી ઓગષ્ટને દિકરી દિવસ તરીકે મનાવશે

જિલ્લાના ૧૦૦થી વધુ ગામોમાં પુરૂષો કરતાં મહિલા જન્મદર ઘણો ઓછો

ગાંધીનગર, તા. ૧૯

આગામી બીજી ઓગસ્ટને રાજ્યનું આરોગ્ય વિભાગ દિકરી દિવસ તરીકે મનાવવાનું છે.

સરકારે ૧લીથી ૧૫મી ઓગષ્ટ દરમ્યાન મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરવાનો નિર્ણય કર્યો છે ત્યારે તેમાં બીજી ઓગષ્ટને દિકરી દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય કરી અને તે રીતે આયોજન કરવા માટે તંત્રના અધિકારીઓને જણાવવામાં આવ્યું છે.



આ દિવસ ઉપરાંત ૫ મી ઓગષ્ટે મહિલાઓના આરોગ્યની ચકાસણી માટે ખાસ કેમ્પોનું આયોજન કરવા માટે જણાવવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં પુરૂષ જન્મદર કરતાં મહિલા જન્મદર જિલ્લાના ૧૦૦થી વધુ ગામોમાં ઓછો જણાયો છે. વસ્તીગણતરી ૨૦૧૧ના પરિણામોમાં આ ચોંકાવનારી હકિકત છે.

ગાંધીનગર શહેરના કેટલાક વિસ્તારોનો પણ સમાવેશ થાય છે. જો કે ગાંધીનગર જિલ્લા પંચાયતે બેટી વધાવો માટે ખાસ પ્રોત્સાહક યોજના અમલી બનાવી છે. બી.પી.એલ. પરિવારમાં દિકરીના જન્મને વધાવતાં પંચાયત દ્વારા રૂ. એક હજાર તથા દેના બેંક દ્વારા રૂ. ૧૦૦નો ઉમેરો કરી રૂ. ૧૧૦૦નું નાની બચતનું સર્ટિફિકેટ આપવામાં આવે છે. ગયા વર્ષે ૧૭૫ કરતાં વધુ બાળાઓને આવા સર્ટિફિકેટ અપાયા હતા.

મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન તંત્રના અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.